**Notification**

***Regarding***

**The Publication Assistant (Directorate of Archaeology), Class III,**

**Recruitment Rules, 2014.**

**પ્રકાશન સહાયક (પુરાતત્વ નિયામકની કચેરી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ સંબંધી**

**જાહેરનામું**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી જાન્યુઆરી, ૨૦૧૪.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક : જીવાયસી/૨૧/પીઆરવી/૧૦૨૦૦૮/૧૧૫૧/એ.**– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, પુરાતત્વ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, પ્રકાશન સહાયક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો પ્રકાશન સહાયક (પુરાતત્વ નિયામકની કચેરી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ કહેવાશે.

૨. પુરાતત્વ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, પ્રકાશન સહાયક, વર્ગ ૩ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ઓછામાં ઓછી દ્વિતિય વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી પત્રકારત્વ (Journalism) અથવા જન સંપર્ક (Public Relation) અથવા પ્રકાશન (Publication) અથવા મુદ્રણ પ્રૌદ્યોગિકી (Printing Technology) મા મેળવેલ એક વર્ષનો ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે

Scanned by CamScanner

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે એક વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ભાવેશ એરડા,**
સરકારના નાયબ સચિવ.

------------

Scanned by CamScanner

## Notification

**Regarding**

**Amendment to the Publication Assistant (Directorate of Archaeology), Class III, Recruitment Rules, 2014.**

**પ્રકાશન સહાયક (પુરાતત્વ નિયામકની કચેરી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી**

**જાહેરનામું.**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૦/૧/૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક:જીવાયસી/૦૬/૨૦૧૫/પીઆરવી/૧૦૨૦૦૯/૧૧૫૧/એ**:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પ્રકાશન સહાયક (પુરાતત્વ નિયામકની કચેરી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો પ્રકાશન સહાયક (પુરાતત્વ નિયામકની કચેરી), વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. પ્રકાશન સહાયક (પુરાતત્વ નિયામકની કચેરી), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, આમુખમાં, "પુરાતત્વ નિયામકની કચેરી" એ શબ્દોને બદલે, "પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧માં, "(પુરાતત્વ નિયામકની કચેરી)" એ કૌંસ અને શબ્દોને બદલે, "પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨માં, "પુરાતત્વ નિયામકની કચેરી" એ શબ્દોને બદલે, "પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**સુનીલ વી.પટેલ,**

સરકારના ઉપસચિવ.

----------

## Notification

***Regarding***

**Amendment to the Chemical Assistant, Class-III, Recruitment Rules, 2011.**

**કેમિકલ આસીસ્ટન્ટ (રસાયણ મદદનીશ), વર્ગ–૩, ભરતી નિયમો, ૨૦૧૧ સુધારવા સંબંધી**

**જાહેરનામું.**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક:જીવાયસી/૦૮/૨૦૧૫/એસએચએલ/૧૦૨૦૦૭/૨૪૯૬/એ**:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, કેમિકલ આસીસ્ટન્ટ (રસાયણ મદદનીશ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

Scanned by CamScanner